ગુજરાતમિત્ર

ગતિવિધિ

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ખાસ મુલાકાતે

વડોદરા : ભારતીય નૌકાદળના વડા, એડમિરલ દિનેશકુમાર ત્રિપાઠી, પી.વી.એસ.એમ., એ.વી.એસ.એમ., એન.એમ. તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે પધાર્યા હતા. એડમિરલશ્રીએ, નાગરિકો-પર્યટકોને એક ભારત, શ્રેષ્ઠ ભારતનો આદર્શ સંદેશ આપતી વોલ ઓફ યુનિટીને નિહાળીને ગૌરવની લાગણી અનુભવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી વિશાળ પ્રતિમાના ચરણોમાં પુષ્પ અર્પણ કરીને ભાવવંદના કરી હતી. એડમિરલ ત્રિપાઠી, એકતાનગરની આસપાસના વિસ્તારોનો વિકાસ અને પ્રાકૃતિક સૌંદર્યથી પ્રભાવિત થયાં હતા.નોંધપોથીમાં પોતાના પ્રતિભાવો ઉમેરતાં એડમિરલે જણાવ્યું કે, ગુજરાતના એકતાનગર ખાતે નર્મદા નદીના કિનારે નિર્મિત વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીના દર્શન કરવાનો અવસર મારા માટે ગૌરવ અને સૌભાગ્યની વાત છે.

રોજગાર કચેરી દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટે 9મીએ રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો

વડોદરા : મોડેલ કરીયર સેન્ટર મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,વડોદરા ,આઈટીઆઈ ફોર ડીસેબલ ,તરસાલી તથા નેશનલ કરીઅર સેન્ટર ફોર ડીફરન્ટલી એબલ ફોર વુમન તથા ઔધોગીક સલામતી અને સ્વાસ્થયની કચેરી વડોદરાના સંયુકત ઉપક્રમે આઈટીઆઈ ફોર ડીસેબલ,આઈટીઆઈ કેમ્પસ ,તરસાલી વડોદરા ખાતે સવારે ૧૧.૦૦ વાગે દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો, તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે .જેમા ૪૦% કે તેથી વધુ લો વીઝન, ઓર્થો લોકોમોટર ડીસેબીલીટી , હીયરીંગ ઈમપેરડ(શ્રવણ ક્ષતી) તથા સ્પીચ ઈમ્પેરડ,ડ્રવારફીઝમની દિવ્યાંગતા ધરાવતા અને નોકરીના સ્થળ સુધિ સ્વતંત્ર રીતે હલનચલન તેમજ આવ-જા કરી શકે તેમજ હાથથી કામ કરી શકે તેવા ૧૮ થી ૩૫ વર્ષના દિવ્યાંગ ભાઈઓ અને બહેન ઉમેદવારો ભાગ લઈ શકશે ,ભરતી મેળામાં નોકરીદાતા દ્વારા ધો.૮ પાસ,૧૦ પાસ,૧૨ પાસ, આઈ.ટી.આઈ,ડીપ્લોમાં,ગ્રેજયુએટ ઉમેદવાર માટે વડોદરા જીલ્લાના ૧૦ જેટલા કંપનીના પ્રતિનિધી હાજર રહેશે. દિવ્યાંગતા (ડીસેબીલીટી) પ્રમાણપત્ર ,અભ્યાસ અને સ્કીલ પ્રમાણપત્રો તથા આધારકાર્ડની નકલ સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારીની યાદીમા જણાવવામા આવે છે.

વાડી કલંદર કમિટી દ્વારા ઈદે મિલાદ નિમિત્તે નીકળનાર જુલૂસ મોકુફ રખાયું

વડોદરા : શહેર વાડી, કલંદર કમિટી દ્વારા મુસ્લિમ સમાજના પવિત્ર તહેવાર, 'ઈદે મિલાદુન્નબી'નું જુલુસ આ વર્ષે હિન્દુ/મુસ્લિમ તહેવાર એક સાથે આવતા હોવાથી શહેરની શાંતિ અને ભાઈચારાને ધ્યાનમા રાખીને ઈદે મિલાદના દિવસે શુક્રવાર (જુમ્મા)ની નમાઝને ધ્યાનમાં રાખીને આ વર્ષે વાડી, મોટી વહોરવાડથી જુલુસ નીકળીને શહેરના વિવિધ વિસ્તારોમાં થઈને પરત, મોટી વહોરવાડ આવે છે. આ જુલુસમા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લે છે. આ તમામ લોકોની ઉપસ્થિતિમાં આ જુલૂસ દર વર્ષે નીકળે છે. પરંતુ શહેરની શાંતિને ધ્યાનમાં રાખીને આ વર્ષે ઈદે મિલાદુન્નબીનું જુલૂસ મોકુફ રાખવામાં આવેલ છે તેમ વાડી કલંદર કમિટીના પ્રમુખ અબુબક્કર મીયાંવાલા તેમજ અબ્દુલવહાબ મીયાંવાલાનાઓએ સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે.

" આદિ કર્મયોગી અભિયાન " અંતર્ગત વડોદરામાં ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબનો પ્રારંભ

વડોદરા : ભારત સરકારના જનજાતિ કાર્ય મંત્રાલય, ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તથા દીપક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિશ્વનું સૌથી મોટું અને અત્યંત પછાત આદિજાતિ સમાજના સર્વાંગી વિકાસ માટે "આદિ કર્મયોગી અભિયાન" શરૂ કરવામાં આવ્યું છે.આ અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લાના ૮ તાલુકાના અધિકારીઓ તથા કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન માટે તા. ૦૨-૦૮-૨૦૨૫ના રોજ વડોદરા સ્થિત દીપ ફાઉન્ડેશનના કેમ્પસ ખાતે ત્રણ દિવસીય ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબનો શુભારંભ કરવામાં આવ્યો.કાર્યક્રમના પ્રથમ દિવસે અત્યંત પછાત જાતિના લોકોના સામાજિક-આર્થિક વિકાસ માટે હાથ ધરાયેલા આયોજન અંગે ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબના માસ્ટર ટ્રેનરે થકી વિગતવાર માહિતી આપવામાં આવી. આગામી ત્રણ દિવસ દરમિયાન વિવિધ તાલીમ કાર્યક્રમો યોજાશે.ઉદ્ઘાટન સમારંભમાં વડોદરા ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબના અમરદીપ ખવડ, મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસ વિભાગ, અમિત આનંદ એ.સી . એફ ., દર્શના પટેલ એક્ઝીક્યુટીવ એન્જિનિયર, વાસ્મો, ડો . જોઈ પવાર નિયામક દીપક ફાઉન્ડેશન અને સરકારના ૭ લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા જિલ્લા કિસાન સભાનું જિલ્લા સંમેલન યોજાયું

(પ્રતિનિધી) વડોદરા, તા.૩

વાઘોડીયા તાલુકામાં ફલોડ ગામે ગુજરાત કિસાનસભાના ઉપક્રમે વડોદરા જિલ્લા કિસાન સભાનું જિલ્લા સંમેલન યોજાયું હતું. આજે કિસાન ખેડુતોની હાલત શું છે તે વિચારવું પડશે. સરકારે ખેડુતોના હિતમાંથી તમામ સ્તરે સબસીડી ઘટાડી છે. આના કારણે ખેડુતોને ખાતર, પાણી, બિયારણ, વિજળી વિગેરે ખેતી માટે પ્રાથમિક જરૂરીયાતો ખૂબ જ મોંઘી બની છે. તથા ઉપજના ભાવ મળતા નથી.ગુજરાત કિસાન સભાના પ્રમુખ ડાહયાભાઈ ગજેરા આ સંમેલનમાં હાજર રહ્યા હતા. તેઓએ કહયુ હતું કે ગુજરાતમાં ખેડુતો ખેતમજુરોની હાલત દિન-પ્રતિદિન કથડતી જાય છે. ખેડુત મટી ખેતમજુર બની રહ્યો છે. વિમાની ફસલ યોજના તાત્કાલિક ધોરણે ચાલુ કરવી. બીલ પાછું ખેંચવું, લખીમપુરખીરી કાંડમાં શહિદ કિસાનોને ન્યાય આપવો જોઈએ.

ગણેશોત્સવને અગ્રતા વડોદરામાં ફૂડ સપ્લાયર્સ પર પાલિકાનો સપાટો

મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં ચેકિંગ 8 યુનિટમાંથી 19 ખાદ્ય નમૂના લેવાયા

માંજલપુરની કોરલ એન્ટરપ્રાઇઝ રેસ્ટોરન્ટમાં પણ આકસ્મિક ચેકિંગ

(પ્રતિનિધી) વડોદરા, તા.૩

વડોદરા ગણેશોત્સવ મહોત્સવ દરમિયાન ખાદ્ય પદાર્થોની શુદ્ધતા અંગે તકેદારીના ભાગરૂપે વડોદરા પાલિકાની ખોરાક શાખાના અધિકારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં અચાનક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ 8 ખાદ્ય યુનિટની તપાસ કરી 19 જેટલા ખાદ્ય પદાર્થોના નમૂના એકત્ર કરાયા હતા. ખાસ કરીને તહેવાર દરમિયાન લાડુ, મોદક, ફરસાણ તથા વેફર જેવી મીઠાઈઓ અને નાસ્તાના પદાર્થોની માંગ વધારે રહેતી હોય છે. ખાસ કરીને રાવપુરા વિસ્તારમાં આવેલા શ્રી એમ્બેસેડર સ્વીટ રીટેલરમાંથી મોતીચૂરના લાડુ અને રોઝ મોદકના નમૂના લેવામાં આવ્યા હતા. અકોટામાં સ્થિત જય શ્રી કૃષ્ણા લાઇવ જૈન વેફર રીટેલરમાંથી પામોલીન તેલ તથા રતાળાની વેફર ચકાસણી માટે લેવામાં આવ્યા હતા. માંજલપુર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જી.આઈ.ડી.સી.) રોડ પર શ્રીમહાલક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણ અને શિવશક્તિ ફૂડ વેન્ડીંગ એસ્ટાબ્લિશમેન્ટમાંથી બેસનના લાડુ તથા ચોકલેટ મોદકના નમૂનાઓ જપ્ત કરાયા. તે ઉપરાંત આજવા રોડ પર શ્રીનાથ સ્વીટ એન્ડ ફરસાણમાંથી બુંદીના લાડુ અને કેસરી મોદક, તરસાલીમાં આવેલ કૃષ્ણા સ્વીટ એન્ડ ફરસાણમાંથી મોતીચૂરના લાડુ, કેસરી મોદક, ચોકલેટ બરફી, ચોકલેટ મોદક અને સેવમોદક સહિતના નમૂનાઓ લેવાયા.છાણી ખાતે જયભોળે સ્વીટ એન્ડ ફરસાણ બનાવતી પેઢીમાંથી બુંદીના લાડુ, મિક્ષ ચવાણું, સેવ, ઓરેન્જ મોદક તથા મોતીચૂરના લાડુના નમૂનાઓ તપાસ માટે મોકલવામાં આવ્યા.

પ્રાપ્ત માહિતી મુજબ માંજલપુરમાં આવેલ કોરલ એન્ટરપ્રાઇઝ રેસ્ટોરન્ટમાં પણ પ્રી-ઇન્સ્પેક્શનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખાદ્ય પદાર્થોના તમામ નમૂનાઓને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

અકોટા જૈન વેફર દુકાનમાં તેલના બોર્ડ ન હોવા છતાં પાલિકાએ કાર્યવાહી કરી નહીં

શહેરના અકોટા વિસ્તારમાં જય શ્રી કૃષ્ણા લાઇવ જૈન વેફર રિટેલર પર પાલિકા ફૂડ વિભાગે ઇન્સ્પેક્શન કર્યું હતું. જેમાં પામોલિન ઓઇલ અને રતાળાની વેફરના નમૂના લેવામાં આવ્યા. પરંતુ દુકાનમાં ક્યું તેલ વપરાય છે તેનો બોર્ડ ક્યાંય લગાવવામાં આવ્યો ન હોવા છતાં દુકાનદારને ન નોટિસ આપી અને ન કોઈ કાર્યવાહી કરવામાં આવી.

શ્રીજી પર ઈંડા ફેકવાના ગુનામાં માતા-પુત્ર સહિત 4 જેલ ભેગાં

કાવતરુ રચનાર સાદેકા સિંધી, જુનેદ સિંધી સહિતના 10 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી

(પ્રતિનિધી) વડોદરા, તા.૩

શ્રીજીની આગમન યાત્રા પર ઈંડા ફેંકનાર માતા પુત્ર સહિત ચાર આરોપીના રિમાન્ડ પુરા થતા તેમને જેલના હવાલે કરવામાં આવ્યાંછે. વડોદરાશહેરના સિટી પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતી શ્રીજીની આગમન યાત્રા પર ઈંડાં ફેકીને શહેરનું કોમી છમકલુ થાય તેના પ્રયાસ કરવામાં આવ્યાં હતા. જેથી પોલીસે તાત્કાલુ એક્શનમાં આવીને કાવતરુ રચનાર સાદેકા સિંધી જુનેદ સિંધી સહિતના 10 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારે જુનેદ સિંધી અને સાદેકા સિંધી સહિત ચાર આરોપીના બે દિવસના રિમાન્ડ હતા. જે પૂરા થતા ચારેય આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યાં છે.

ઉલ્લેખનિય છે કે માફિયા ગેંગ ગ્રૂપના એડમીન જુનેદ સિંધી સહિતના આરોપીઓએ ગણેશ ચતુર્થી પહેલા પાણીગેટ વિસ્તાર ખાતે મિટીગ કરીને શ્રીજીની આગમન યાત્રા પર ઈંડા ફેકવા કાવતરું રચ્યું હતું.

સરકારી હોસ્પિટલ જ 'બિમાર'

ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓને જમીન પર અપાતી સારવાર

ગોત્રી જનરલ હોસ્પિટલમાં દર્દીઓ માટે સુવિધા જ નથી તો સરકાર આટલું ભંડોળ આપે છે તેનો ઉપયોગ શેના માટે કરાય છે?

(પ્રતિનિધી) વડોદરા, તા.૩

શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ સરકારી હોસ્પિટલોમાં કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ છતાં આરોગ્ય સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ગોત્રી જનરલ હોસ્પિટલમાં દર્દીઓ નિચે જમીન પર સુવા મજબુર છે. ગોત્રી જનરલ હોસ્પિટલમાં ઘણા વોર્ડમાં દર્દીઓ માટે પલંગ ગાદલા ઉપલબ્ધ નથી અને તેઓને જમીન પર સૂવડાવી સારવાર આપવામાં આવી રહી છે બીજી તરફ નર્સિંગ સ્ટાફના આરામ માટે કેટલાક રૂમ ખાલી જોવા મળે છે જ્યાં પલંગ ગાદલા ની વ્યવસ્થા છે. એક તરફ સરકાર સરકારી હોસ્પિટલોને દર્દીઓની સારવાર અને સુવિધા માટે દવાઓ, મેડિકલ સાધનો સહિત પલંગ, ગાદલા,સ્ટ્રેચર, વ્હિલચેર સહિતના સાધનો માટે ભંડોળ આપે છે પરંતુ બીજી તરફ દર્દીઓને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામા આવતી નથી. ત્યારે સમગ્ર મામલે સામાજીક કાર્યકર દ્વારા વડોદરા શહેરમાં માનવતા મરી પરવારી હોવાના અને સમગ્ર મામલે આરોગ્ય મંત્રીને રજૂઆત કરવામાં આવનાર હોવાનું જણાવ્યુ હતુ.

સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી પોલીસની કામગીરી શંકાના દાયરામાં

બૂટલેગરોએ પાણીની ટાંકીને બિયરના જથ્થા રાખવાનું ગોડાઉન બનાવ્યું

અગાઉ ઝડપાયેલા દારૂના રેલવેના મેમુ શેડના રૂમ નજીક પાણીની ટાંકીમાંથી બિયરનો જથ્થો ઝબ્બે

રેલવેને કાયમી કર્મચારીના પુત્રોએ સંતાડાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.૩

રેલવે સ્ટેશનના મેમુ શેડના ગોડાઉનમાંથી મોટી માત્રા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેમાં દારૂનો ધંધો કરનાર રેલવેનો કર્મચારી તથા આરપીએફ જવાનના પુત્રને હજુ સુધી પોલીસ પકડી શકી નથી. ત્યારે આ મેમુ શેડના ગોડાઉનથી ગણતરીના મીટરના અંતરે આવેલી પાણીની ટાંકીમાંથી બિયરનો જથ્થો મળી આવ્યો છે. ત્યારે રેલવે પોલીસે પાણીની ટાંકીને દારૂનું ગોડાઉન કોણે બનાવ્યું હતું તેની તપાસ શરૂ કરી છે. બીજી તરફ મેમુ શેડ તથા પાણીની ટાંકીનું ગોડાઉનમાંથી દારૂની હેરાફેરી થતી હોવા છતાં રેલવે પોલીસ તથા એલસીબીને દેખાતુ હોય તેને લઈને તેમની કામગીરી સામે શંકા કરાઈ રહી છે. તાજેતરમાં જ નવાયાર્ડ રેલવે સ્ટેશનના મેમુ શેડના ગોડાઉનમાંથી મોટી માત્રા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેમાં રેલવેના કાયમી કર્મચારી રૂબિન ઉર્ફે કટ્ટે શેખ તથા તથા આરપીએફ જવાનના પુત્ર કપિલસિંગ વિજેન્દ્રસિંગ કુંતલ (રહે. આમ્રપાલ સોસાયટી બાજવા)એ દારૂ સંતાડ્યો હોવાનું બહાર આવ્યું હતું. પીસીબીની બાતમી બાદ રેલવે એલસીબીએ દારૂનો જથ્થો પકડ્યો હતો. ત્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી એલસીબી તથા રેલવે પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી છે. આટલી મોટી માત્રામં દારૂનો રેલવેના મેમુ શેડના રૂમમાં સંતાડ્યો હોય તેમજ બાજુમાં આરપીએફનો પોઈન્ટ હોવા છતાં પોલીસને ના દેખાય તે વાત ગળે ઉતરતી નથી. જો ઉચ્ચ અધિકારી દ્વારા ઘનિષ્ઠ તપાસ કરાય તો ચોકાવનારી વિગતો બહાર આવે તેમ છે. બીજી તરફ અગાઉ દારૂ ઝડપાયો હતો તે મેમુ શેડથી ગણતરીના મિટરના અંતરે આવેલી પાણીની ટાંકીથી મોટી માત્રામાં બિયરનો જથ્થો 3 સપ્ટેમ્બરે ઝડપાયો છે.

પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળોએ ત્રણ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.૩

પશ્ચિમ રેલ્વે દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા અને તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી, ઉધના-મૌ અને ઉધના-છાપરા વચ્ચે ખાસ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે.

1. ટ્રેન નંબર 04828/04827 બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સાપ્તાહિક સ્પેશિયલ [28 ટ્રિપ્સ] ટ્રેન નંબર 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ દર રવિવારે બાંદ્રા ટર્મિનસથી સવારે 10:30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે 04:30 વાગ્યે ભગત કી કોઠી પહોંચશે. આ ટ્રેન ૨૮ સપ્ટેમ્બરથી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૨૭ ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ દર શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યે ભગત કી કોઠીથી ઉપડશે. બીજા દિવસે સવારે ૦૭:૨૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

સમાન કેસમાં બે શહેરોનો ફરક | **પોરબંદર મહાપાલિકાની તાત્કાલિક કાર્યવાહી, વડોદરા મહાપાલિકા તપાસમાં નિષ્ફળ**

બોગસ ફાયર એનઓસી કાંડમાં પોરબંદર પાલિકાએ ફાયર ઓફિસરને સસ્પેન્ડ કર્યો

પોરબંદર પાલિકાએ આરોપી જાતે શોધ્યો, વડોદરા પાલિકાએ પોલીસ ફરિયાદ કરી છતા આરોપી મળ્યો નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.૩

પોરબંદર મહાનગર પાલિકામાં બોગસ ફાયર એનઓસી મામલે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. કમિશનર એચ.જે. પ્રજાપતિએ એક ફાયર ઓફિસરને સસ્પેન્ડ કર્યો છે. માહિતી મુજબ, પોરબંદર પાલિકાને એક ઈમારત માટે BU પરમિશનની અરજી મળી હતી. આ અરજીમાં ફાયર એનઓસી રજૂ કરવામાં આવી હતી. દરમિયાનમાં કોઈએ પાલિકામાં મૌખિક રજૂઆત કરી કે, અરજીમાં મુકાયેલ ફાયર એનઓસી સાચી નથી. તે પછી પોરબંદર મહાપાલિકા અને રાજકોટ ફાયર વિભાગ સાથે મળી તાત્કાલિક આંતરિક તપાસ શરૂ કરવામાં આવી. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે, આ ફાયર એનઓસી કદી ઈસ્યૂ જ કરવામાં આવી નથી. એટલે BU પરમિશન તાત્કાલિક રદ કરાયું. પાલિકાએ બાદમાં તપાસ હાથ ધરી તો જાણવા મળ્યું કે, આ ફાયર એનઓસી પર એક કર્મચારીની સહી હતી. તેની પૂછપરછમાં કર્મચારીના બે અલગ અલગ નિવેદન આવ્યા. આથી પાલિકાએ તેના વિરુદ્ધ તાત્કાલિક સસ્પેન્શનની કાર્યવાહી કરી. આમ પોરબંદર પાલિકાએ અંદરની તપાસથી આરોપી શોધી કાર્યવાહી કરી છે.

બીજી તરફ વડોદરા મહાપાલિકામાં બોગસ ફાયર એનઓસીના બે કિસ્સા સામે આવ્યા છે. મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષની ફાયર એનઓસી અને અર્શ પ્લાઝાની ફાયર એનઓસી બોગસ હોવાનું બહાર આવ્યું હતું. બંને વખતે જયેશ મકવાણાનું નામ ચર્ચામાં આવ્યું હતું. સાથે કેટલાક ફાયર ઓફિસરોના નામ પણ સામે આવ્યા હતા. આ મામલે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. તેમ છતાં આજદિન સુધી વડોદરા મહાપાલિકા કોઈ આરોપી શોધી શકી નથી. ઉપરાંત, વડોદરા મહાપાલિકાએ આંતરિક તપાસ કરી કે નહીં તે બાબતે પણ કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. પોરબંદર જેવી સ્પષ્ટ કાર્યવાહી વડોદરા મહાપાલિકામાં થઈ નથી. જેના કારણે વડોદરા પાલિકાની કામગીરી પર સવાલો ઊભા થયા છે. ઉલ્લેખનિય છે કે, વડોદરા ફાયર વિભાગમાં બોગસ એનઓસી મામલે બે મહિના બાદ પણ કોઈ કાર્યવાહી કરાઈ નથી.

પ્રેમીને મોતને ઘાટ ઉતારનાર પ્રેમિકા જેલ ભેગી

પોલીસે પોસ્ટ મોર્ટમ કરાવતા હત્યા કરાઇનો હોવાનો ઘટસ્ફોટ થયો

(પ્રતિનિધિ) વડોદરા તા.૩

નવાયાર્ડ વિસ્તારમાં દારૂ પીને આવેલા પ્રેમીને દુપટ્ટા વડે ગળે ટુપો આપીને પ્રેમિકાએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેથી પોલીસે હત્યારી પ્રેમિકાની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં દિનેશભાઈ બાબુભાઈ પરમાર તેમના મોટા ભાઈ મુકેશ પરમાર સાથે રહે છે. કવિતા સપ્પન રાય સાથે મુકેશને પ્રેમ સંબંધ બંધાયા હોય તેના મકાનમાં રહેવા માટે જતો રહ્યો હતો. દરમિયાન પંદર દિવસ પહેલા મુકેશ અને કવિતા રાજીવનગરના ઘરે રહેવા માટે આવ્યાં હતા. પરતું મુકેશ દારૂ પીને આવતા તેની સાથે કવિતાએ ઝઘડો કર્યો હતો. ત્યારબાદ મોડી રાત્રીના પોણા બે વાગ્યાંના સુમારે કવિતાએ દિનેશ પરમારને જગાડ્યા હતા અને મુકેશ કાઇ બોલતો નથી તમે જોવો તેમ કહ્યું હતું. જેથી યુવકે તેના ભાઇને જગાડવાનો પ્રયાસ કર્યો હતો ત્યારબાદ ગોત્રી હોસ્પિટલમાં લઇ જતા તેને મરણ જાહેર કર્યો હતો. જેથી ફતેગંજ પોલીસે પીએમ કરાવતા યુવકનું ગળે ટુપો આપીને હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસ દ્વારા કવિતા રાયની સઘન પૂછપરછ કરવામાં આવી હતી ત્યારે તેણે મુકેશ દારૂ પીધેલો હોય મને ગુસ્સો આવતા તેનું ગળુ દબાવી દીધુ હતું પરંતુ તેના ગળાના ભાગે નખ મારતા દુપટ્ટો તેના ગળા પર વિટાળી તેને ટુપો આપીને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની કબૂલાત કરી હતી.

પંજાબ નૈશનલ બૈંક punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

એઆરએમબી શાખા, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૬૫૦૦૩ ફોન : ૯૭૨૬૨૨૫૦૮૮ email : cs8323@pnb.co.in

સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટરસને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૨૦.૦૯.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી જરૂર જણાય તો ૧૦ મિનીટના વધારા સાથે** પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

ઈ-હરાજી તા.૨૦.૦૯.૨૦૨૫ । નિરીક્ષણ તા.૧૨.૦૯.૨૦૨૫ (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી)

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદારો/ જામીનદારો નું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગતો / ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગતો અને માલિકનું નામ (મિલકતો ગીરવેદારો)	અ) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ + વધારાનું વ્યાજ અને ચાર્જીસ / ક) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજા તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/ પ્રત્યક્ષ/ રચનાત્મક	અ) અનામત કિંમત (રૂ. લાખ) / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂ. લાખ)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત Property ID
૨	પીએનબી : અકોટા શાખા (૧૫૬૯૨૦) (વડોદરા) શ્રી સાહિલ જગદીશભાઈ ચૌહાણ એ ૩૦ સવિતા પાર્ક સોસાયટી, અખંડઆનંદ નવજીવન પાછળ, આજવા, વડોદરા ૩૯૦૦૧૯	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી પમા માળના એવન્યુ નો એ ટાવરનો ૪ થા માળનો ફ્લેટનં. એ/૪૦૫ જેનો બીલ્ટઅપ એરીયા માપ ૪૬.૫૮ ચો.મીટર બાલ્કની એરીયા ૨.૮૮ ચો.મી સહિત આવેલ છે. જે રે.સ. નં. ૨૫૦ પૈકી ૨ ટી.પી ને. ૨૯ એફપી નં. ૧૩૫ જમીન એરીયા માપ ૫૫૨૮.૦૦ ચો.મીટ પૈકી માલીકીની જમીન માપ ૪૪૪૧.૮૦ ચો.મી પૈકી ૪૩૪૯.૮૨ ચો.મી નાં. આ બિલ્ડીંગ બનેલ છે. (માલીકી – શ્રી સાહીલ જગદીશભાઈ ચૌહાણ છે.)	અ) ૦૫.૧૦.૨૦૨૪ / બ) રૂ. ૩૦,૧૪,૫૮૬.૪૪ તા. ૩૧.૦૮.૨૦૨૫ ના રોજ + વધારાનું વ્યાજ અને તેના પર ખર્ચાઓ / ક) ૨૩.૧૨.૨૦૨૪ / ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ. ૨૭.૨૯ / બ) રૂ. ૨.૭૩ / ક) રૂ. ૦.૧૦	PUNB 156920 SAHIL જાણમાં નથી

ઈ-હરાજી વેચાણના નિયમો અને શરતો : વેચાણ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ના અને અહી નીચે આપેલ નિયમ અને શરતોને આધિન થશે (૧) મિલકતનું વેચાણ **'જયાં છે ત્યાં અને જેમ છે તેમ'ના અને 'જે કાંઈ ત્યાં છે તે'** ના ધોરણે થશે. (૨) સુરક્ષિત મિલકતની અહીં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારીને ઉત્તમ જાણકારી મુજબ છે. પણ અધિકૃત અધિકારી